*This Question Paper contains 6 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 102062

# 058(G)

**(March, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ અને 61 પ્રશ્નો છે.**
2) **બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.**
3) **પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.**
4) **પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.**
5) **નવો વિભાગ નવા પાના પર લખવો.**

## વિભાગ - A

■ **નીચે આપેલા પ્રશ્ન નં. 1 થી 15 બહુવિકલ્પ પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે.** **[15]**

1) યહુદી ધર્મ ક્યાં શરૂ થયો હતો ?
   (A) પેલેસ્ટાઇન
   (B) ઈરાન
   (C) ઈરાક
   (D) આફ્રિકા

2) વરાળયંત્રની શોધ કોણે કરી ?
   (A) ન્યુટને
   (B) ગેલિલિયો
   (C) હાર્વેએ
   (D) જેમ્સવોટે

3) સમાચારના માધ્ય તરીકે કોણ શ્રેષ્ઠ પુરવાર થયું છે ?
   (A) ટેલીફોન
   (B) ટેલિવિઝન
   (C) કોમ્પ્યુટર
   (D) રેડિયો

4) સર્વેક્ષણનો સાદો અર્થ જણાવો.

(A) તપાસ

(B) આયોજન

(C) નમૂનો

(D) યોજના

5) આપણા દેશમાં આયોજનની શરૂઆત ક્યારે થઈ ?

(A) 1950

(B) 1951

(C) 1970

(D) 1907

6) કયો ઉદ્યોગ જગ જૂનો છે ?

(A) ખાદી ઉદ્યોગ

(B) ચામડાનો ઉદ્યોગ

(C) માટી ઉદ્યોગ

(D) કાપડ ઉદ્યોગ

7) મીઠાનો સત્યાગ્રહ કઈ સાલમાં થયો હતો ?

(A) 1915

(B) 1920

(C) 1930

(D) 1935

8) 'કરેંગે યા મરેંગે' નો મંત્ર કોણે આપ્યો ?

(A) જવાહરલાલ નહેરુ

(B) ગાંધીજી

(C) સુભાષચંદ્ર બોઝ

(D) સરદાર વલ્લભભાઈ પટેલ

9) આર્યો કયા દેશમાં ઠરીઠામ થયા ?

(A) યુગાન્ડા

(B) ભારત

(C) ઇઝરાયલ

(D) જાપાન

10) ભારતને કેવા પ્રકારનો દેશ ગણી શકાય ?

(A) વિકસિત

(B) પછાત

(C) વિકાસશીલ

(D) ત્રણમાંથી એક પણ નહી

11) માનવ વિકાસ અહેવાલ કોણ દર વર્ષ જાહેર કરે છે ?

(A) અમેરિકા

(B) યુનિસેફ

(C) સંયુક્ત રાષ્ટ્રસંઘ

(D) ઈંગ્લેન્ડ

12) આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલત કયા શહેરમાં બેસે છે ?

(A) હેગ

(B) ન્યુયોર્ક

(C) જીનીવા

(D) લંડન

13) સોક્રેટિસના ગુરુનું નામ શું હતું ?

(A) આર્કિલેયસ

(B) મહર્ષિ વશિષ્ઠ

(C) મહર્ષિ વેદવ્યાસ

(D) મહર્ષિ વિશ્વામિત્ર

14) નીચેનામાંથી કયા પુસ્તકને નોબલ ઇનામ મળ્યું હતું ?

(A) સામાજિક કરાર

(B) સત્યના પ્રયોગો

(C) ગીતાંજલિ

(D) અન્ટુ ધિસ લાસ્ટ

15) ચિપકો આંદોલન કોના માર્ગદર્શન હેઠળ શરૂ થયું હતું ?

(A) મહાત્મા ગાંધી

(B) સરદાર પટેલ

(C) સુન્દરલાલ બહુગુણા

(D) જવાહરલાલ નહેરુ

## વિભાગ - B

■ **નીચે આપેલા પ્રશ્ન નં. 16 થી 30 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે જેના ઉત્તર એક વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે .** **[15]**

16) ભગવાન ઈસુનો જન્મ ક્યાં થયો હતો ?

17) પૃથ્વી સૂર્યની આસ-પાસ ફરે છે એવી શોધ કોણ કરી હતી ?

18) હેલિકોપ્ટરમાં કેટલા માણસો બેસી શકે છે ?

19) ભારતીય સમાજમાં કુલ કેટલી જાતિઓ છે ?

20) 'અશિયન ડ્રામા' પુસ્તક કોણે લખેલું ?

21) કાણોદર શાના માટે જાણીતું છે ?

22) 'તીન કઠિયાની પ્રથા' કયા વિસ્તારમાં હતી ?

23) કયા ધર્મમાં પર્યુષણને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે ?

24) સ્ત્રીઓ માટે વેદકાળમાં કયો શબ્દ વપરાતો હતો ?

25) ભારત સરકારે કઈ કંપની રિલાયન્સને સોંપી છે ?

26) ઉપભોક્તાવાદને કારણે કેવા પ્રકારની અસમાનતા જોવા મળે છે ?

27) અમેરિકામાંથી ગુલામી કોણે નાબુદ કરી હતી ?

28) "નેચર" નામે પુસ્તક કોણે લખ્યું હતું ?

29) પોરબંદરનું જૂનું નામ શું હતું ?

30) ઓઝોન નામના વાયુનું સ્તર ક્યાં આવેલું છે ?

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 42 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે. જેના ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે. 12 પ્રશ્નોમાંથી 10 ના જવાબ લખો.** **[20]**

31) પ્લેગનો રોગચાળો મધ્યયુગમાં ક્યાં ક્યાં ફેલાયો હતો ?

32) બૌદ્ધિક સંપત્તિમાં કઈ બાબતોનો સમાવેશ થતો હતો ?

33) ટેલિવિઝનના કારણે સમાજજીવનમાં થતી બે મુખ્ય અસરો લખો.

34) ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોનાં ચાર નામ લખો.

35) અબ્રાહમ લિંકન કોણ હતા ? તેમણે લોકશાહીની શી વ્યાખ્યા આપી છે ?

36) ધંધાદારીઓના મંડળ એટલે શું ? બે-ત્રણ ઉદાહરણ આપો.

37) વિકસિત ટેકનોલોજીએ માનવશ્રમને કઈ રીતે હળવો કર્યો ?

38) સામાજિક મૂડીરોકાણથી શો ફાયદો થાય છે ?

39) જીવનધોરણ સૂચક આંક કોને કહેવાય ?

40) થોરોની ધરપકડ શા માટે થઈ હતી ?

41) હવે ખેડૂતો સજીવ ખેતી તરફ આકર્ષાયા છે ?

42) માનવીય ટેકનોલોજીનું મહત્ત્વ દિન પ્રતિદિન વધતું જાય છે ?

## વિભાગ - D

■ **નીચે આપેલા 43 થી 55 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે. માંગ્યા મુજબ જવાબ આપો. દરેક પ્રશ્નના ત્રણ ગુણ છે કુલ 13 પ્રશ્નોમાંથી કોઈપણ 10 ના જવાબ લખો.** **[30]**

43) વિકલીફ વિશે તમે શું જાણો છો ?

44) યુરોપમાં નવા દરિયાઈ માર્ગ શોધવાની જરૂર શા માટે પડવા લાગી ?

45) ગુજરાતમાં શાનું ઉત્પાદન વિશેષ થાય છે ?

46) કોમ્પ્યુટરનો ઉપયોગ જે ક્ષેત્રોમાં થાય છે તેવા અગત્યના છ ક્ષેત્રો જણાવો.

47) પ્રશ્નાવલીની ત્રણ મર્યાદાઓ જણાવો.

48) ગાંધીજીએ અસહકારની લડત પાછી કેમ ખેંચી લીધી ?

49) "ભારત છોડો" આંદોલન વિશે ટૂંક નોંધ લખો.

50) 'ડૉ. વેરિયર આદિવાસીઓના પરમ મિત્ર હતા." સમજાવો.

51) માનવશ્રમ વિશે ટૂંકનોંધ લખો.

52) વિકાસ માટે મૂડીની આવશ્યકતા અંગે સમજ આપો.

53) એથેન્સ નગરની ન્યાય પદ્ધતિ કેવી હતી ?

54) પૃથ્વી ઉપર તાપમાન શાથી વધી રહ્યું છે ?

55) ઓઝોન સ્તરને નુકસાન કરનારા કારણો કયાં છે ?

## વિભાગ - E

■ **નીચે 56 થી 61 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે. જેના વિસ્તૃતમાં જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે. કુલ 6 પ્રશ્નોમાંથી 4 પ્રશ્નોના જવાબ આપો.** **[20]**

56) ભારતની પ્રથમ પંચવર્ષીય યોજનાના ઉદ્દેશો જણાવો.

57) યુનો તરફથી વિશ્વ પરિષદમા રજૂ થયેલી વિગતો આપો.

58) ક્યુબાની કટોકટી વિશે ટૂંકનોંધ લખો.

59) રાષ્ટ્રસંઘની સ્થાપના શા માટે કરવામાં આવી ?

60) ગીતાંજલિ વિશે ટૂંકનોંધ લખો.

61) ટોલ્સ્ટોયના મતે સાચું જીવન કેવું હોય છે ?

◆◆◆